# ભારતીય કિસાન સંઘ,ગુજરાત પ્રદેશ


**બલરામ મંદિર પરીસર**
**સેકટર–૧૨/ડી,ઘ–રોડ**
**ઉમીયા મંદિર સામે, ગાંધીનગર**
**ફોનઃ–૦૭૯ ૨૩૨ ૨૧૯૭૬ / ૨૩૨ ૨૪૯૧૬**

**Email-bksgujarat1985@gmail.com / Website-www.bksgujarat.org.in**


---

**અખબારી યાદી** તા–૨૯/૨/૧૬

- **કેન્દ્રના અંદાજપત્રમાં કૃષિ – ગ્રામ વિકાસલક્ષી યોજનાઓની સાથે સિંચાઈ,પાક વીમા,કૃષિધિરાણ,જૈવિકખેતીને પ્રોત્સાહન અને પ્રાવધાનને ભા.કિ.સંઘનો આવકાર**
- **અનેક બાબતો કેન્દ્ર સરકાર માટે અમલવારી માટે ચુનૌતી પણ સફળતાની આશા–૫ વર્ષમાં કિસાનોની આવક ડબલ થાય તો સરકારની સફળતા ગણાશે.**
- **તમામ પાકોના ટેકાના ભાવ અને ખરીદીના તંત્ર માટે ઉલ્લેખ નથી તે અનુચિત.**

---

આજ રોજ કેન્દ્ર સરકાર ધ્વારા લોકસભામાં નાણામંત્રી શ્રી અરૂણ જેટલીજી ધ્વારા રજુ થયેલા બજેટ અંગે ભા.કિ.સંઘ ના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ શ્રી અંબુભાઈ પટેલ તથા પ્રદેશ અધ્યક્ષ શ્રી મગનભાઈ પટેલ એક સંયુકત નિવેદનમાં પ્રતિસાદ આપતા અખબારી યાદી ધ્વારા જણાવ્યું હતું કે –અગાઉના બજેટમાં માત્ર ૧% જ નાણાની ફાળવણી જોતા મહંદઅંશે ૩૬૦૦૦ કરોડ ફાળવીને,ગ્રામિંણ કૃષિલક્ષી બજેટ આપવાનો પ્રયાસ આવકાર્ય છે.સંઘ ના હર ખેત કો પાની (સિંચાઈ સુવિધા) ની વાત ને પ્રાધાન્ય આપી ને આજે માત્ર ૪૦% જ સિંચાઈ છે તેને ધ્યાને લઈ બજેટમાં ૧૭૦૦૦ કરોડ સિંચાઈ માં ફાળવી,૯ વિશેષ યોજના પર ભાર,નાબાર્ડ માં ૨૦૦૦૦ કરોડ ની સિંચાઈ નિધી બનાવવા અને મનરેગા ધ્વારા ૫ લાખ તળાવો,કૂવા બનાવવાનો નિર્ધાર આવકાર્ય છે.

સજીવ ખેતી માં સંઘની રાષ્ટ્રીય માંગ ૬ સજીવ ખેતી વિશ્વવિદ્યાલય સામે ૫ લાખ એકર જમીન માં સજીવ ખેતી નો સંકલ્પ અને ૨ નવી સજીવ ખેતીની યોજના પર્યાપ્ત નથી.ડેરી–,પશુપાલન માટે ૪ નવી પરીયોજના ,પશુધન હાટ ના નામે ઈ–પોર્ટલ અને ગ્રામ્ય રસ્તા બનાવવા ની યોજના થી ગ્રામ વિકાસને નવી ગતી મળશે.

ફૂડ પ્રોસેસિંગમાં ૧૦૦% એફ.ડી.આઈ. ને મંજુરી એ ગુજરાત ની અમુલ બ્રાંન્ડ જેવી અને નાના પાયે ચાલતા ગ્રામ અને ગૃહ ઉદ્યોગો આધારીત મળતી રોજગારી અને પૂરતા ભાવ સામે કદાચ મોટી કંપનીઓ આવવાથી ભય સ્થાન ઉભું થઈ શકે.

કૃષિ લોનમાં ,પણ ૧ લાખ કરોડ ના વધારા સહિત કૃષિને પ્રાધાન્ય આપવા માટેની ચિંતા ને આવકારી ને કૂદરતી આપત્તિના સંજોગોમાં તત્કાલ સહાય અને ભ્રષ્ટાચાર સહિતનાં કૃષિ ક્ષેત્રે વહિવટી તંત્રના,સરળીકરણ સાથેની વાસ્તવિક ચિંતા જ કિસાનોની આત્મહત્યા અટકાવી શકશે.જેના માટે કિસાનો માટેની તમામ પ્રસ્તાવિત બાબતનો અમલ નીચે સુધી તત્કાલ સુચારું રુપે થાય એજ સમયની માંગ છે.

**ભવદીય**
(વિઠલભાઈ દુધાત્રા)
પ્રદેશ મહામંત્રી